**<u>દિવાની પરચુરણ અરજી નં.૧૨૬/૨૦૨૫</u>**

**<u>(લેન્ડ રેફરન્સ કેસ નં.૧૩૫૬/૧૯૯૯)</u>**

(ગુજ. જમનાબેનના વારસ કાંતિલાલ રામજીભાઈ વણપરીયા– વિરૂધ્ધ – શ્રી સરકાર)

**<u>ના કામે આંક–૧ લગત હુકમ.</u>**

(૧) અરજદારની જમીન ઓઝત–૨ સિંચાઈ યોજનાના જમીન સંપાદન કેસ નં.૪૪/૧૯૮૯ ધ્વારા સંપાદન કરવામાં આવતા વધુ વળતર મેળવવા લેન્ડ રેફરન્સ કેસ નં.૧૩૫૬/૧૯૯૯ દાખલ કરેલ, જે ચાલી જતા તા.૩૦/૦૯/૨૦૦૪ ના રોજ જજમેન્ટ તથા એવોર્ડ આપેલ છે. ત્યારબાદ સામાવાળા ધ્વારા જજમેન્ટ મુજબ વધારે વળતરની રકમ કોર્ટમાં નાઝીરશ્રી હેડ હેઠળ જમા કરાવી આપેલ છે. સદર રકમ ઉપાડવા માટે અરજદાર તથા અન્ય એક અરજદાર પાંચાભાઈ મનજીભાઈ વણપરીયાએ સંયુકત રીતે દિ.પ.અ.નં.૧૬૯/૨૦૨૧ દાખલ કરેલ, જે અરજી લગત તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ હુકમ કરી અરજદાર નં.૨ પાંચાભાઈ મનજીભાઈ વણપરીયાને રૂા.૨૨,૪૫,૯૧૪/– ચૂકવવાનો હુકમ કરેલ જયારે અરજદારના હિસ્સે આવતી રકમ ગુજ. જમનાબેન લાલજીભાઈના વિલના આધારે માંગણી કરેલ હોય સદર વિલનું પ્રોબેટ કે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવી સદર રકમ મેળવવા અલગથી અરજી કરવા હુકમ કરેલ. ત્યારબાદ અરજદારે ગુજ. જમનાબેન લાલજીભાઈ વણપરીયાએ તા.૦૩/૦૪/૨૦૧૨ ના રોજ છેવટનું કરેલ આખરી વિલનું પ્રોબેટ કાઢી આપવા દિ.પ.અ.નં.૧૮/૨૦૨૪ થી અરજ કરતા તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ અરજી મંજુર કરી તે આધારે તા.૧૨/૧૧/૨૦૨૪ ના રોજ પ્રોબેટ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે આધારે રકમ મેળવવા હાલની અરજી ફરીથી દાખલ કરવા જરૂરીયાત ઉત્પન્ન થયેલ છે. જેથી હાલની અરજી કરી વળતરની રકમ ચૂકવી આપવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તરફે તેની અરજીના સમર્થનમાં આંક–૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૪/૧ થી અરજદારના આધાર કાર્ડ, નિશાની ૪/૨ થી લે. રે.કે.નં.૧૩૨૩ થી ૧૩૫૮/૯૯ અને ૧૩૬૬/૯૯ ના ચૂકાદા, નિશાની ૪/૩ થી દિ.પ.અ.ન.૧૬૯/ ૨૦૨૧ ની અરજી તથા તે લગત હુકમ, નિશાની ૪/૪ થી

.

દિ.પ.અ.નં.૧૮/૨૦૨૪ ના હુકમની ઝેરોક્ષ નકલ તથા નિશાની ૪/૫ થી પ્રોબેટ, નિશાની ૪/૬ થી જમનાબેન લાલજીભાઈ વણપરીયાના વિલ અને નિશાની ૪/૭ થી ગુજ. જમનાબેન લાલજીભાઈ વણપરીયાના મરણ પ્રમાણપત્રની ખરીનકલ રજુ રાખેલ છે, જે તમામ દસ્તાવેજો ધ્યાને લીધા તેમજ અરજદાર તરફે તેમના વિ.વ.શ્રીને સાંભળ્યાં.

(૩) અરજી અનુસંધાને સામાવાળાને નોટિસ કરવામાં આવેલ, જે નોટિસ આંક–૫ ની વિગતે ધોરણસર બજી જવા છતાં હાજર થયેલ નથી કે કોઈ રજુઆત કરેલ નથી કે રીપોર્ટ રજુ રાખેલ નથી જેથી સામાવાળાનો વાંધાનો તથા સાંભળવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) અરજદારની અરજી અનુસંધાને લે.રે.કે.નં.૧૩૨૩ થી ૧૩૫૮/૯૯ અને ૧૩૬૬/૧૯૯૯ સાથે કોન્સોલીડેટ થયેલ અન્ય લેન્ડ રેફરન્સ કેસોમાં હાલના અરજદારે દાખલ કરેલ લેન્ડ રેફરન્સ કેસ નં.૧૩૫૬/૧૯૯૯ પણ કોન્સોલીડેટ કરી તમામ કેસોનું સંયુકત જજમેન્ટ આપવામાં આવેલ છે, જે ધ્યાને લેતા અરજદારની ઓઝત–૨ સિંચાઈ યોજનાના જમીન સંપાદન કેસ નં.૪૪/૮૯ થી જમીન સંપાદન કરવામાં આવેલી, અરજદારની મિલકત ડુબમાં જતાં વધુ વળતર મેળવવા લે.રે.કે.નં.૧૩૫૬/૧૯૯૯ દાખલ કરવામાં આવેલ, જે લેન્ડ રેફરન્સ કેસ ચાલી જતા તા.૩૦/૦૪/૨૦૨૪ ના રોજ જજમેન્ટ જાહેર કરી, તે મુજબ એવોર્ડ આપેલ છે, જેના અનુસંધાને સામાવાળા ધ્વારા નામદાર કોર્ટમાં રકમ જમા કરાવેલ, જે પૈકી અરજદાર નં.૨ પાંચાભાઈ મનજીભાઈ વણપરીયાને ૫૦% રકમ ચૂકવી આપવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતા જણાય આવે છે. જયારે અરજદાર નં.૧ જમનાબેન લાલજીભાઈના વિલના આધારે અરજદારે રકમની માંગણી કરેલ અને સદર વિલનું પ્રોબેટ મેળવી અલગથી અરજી કરવા અને તે રકમ ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારે વિલનું પ્રોબેટ મેળવી રજુ રાખેલ છે, જે ધ્યાને લેતા હાલના અરજદારના નામે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન / પ્રોબેટ સર્ટીફીકેટ ઈસ્યુ થયેલ હોવાનું જણાય આવે છે.

.

(૫) આ કામે અરજી લગત નાઝીરશ્રીએ કરેલ શેરો ધ્યાને લેતા હાલના કામે રૂા.૨૨,૪૫,૯૧૪/– ની ફીકસ ડીપોઝીટ થયેલ હોવાનો શેરો કરી આપેલ છે. આમ, સામાવાળા ધ્વારા રકમ જમા કરાવેલ હોવાનું જણાય આવે છે અને સદરહુ રકમ ચૂકવવા સામે કોઈ વાંધા લીધેલ નથી તેથી સદર રકમ અરજદારને ચૂકવવામાં આવે તો તેઓને કોઈ હરકત સરખું નથી તેમ માનવાને કારણ રહે છે. જેથી અરજદારની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

અત્રેની કોર્ટના નાઝીરશ્રીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, આ કામે સામાવાળા ધ્વારા જમા થયેલ રકમ **રૂા.૨૨,૪૫,૯૧૪/– (અંકે રૂપિયા બાવીસ લાખ પીસ્તાલીસ હજાર નવસો ચૌદ પુરા)** ની ફીકસ ડીપોઝીટ કરાવવામાં આવેલ હોય, જે ફીકસ ડીપોઝીટ તોડી મુદલ રકમ તથા વ્યાજ સહિતની રકમ અરજદાર કાંતિલાલ રામજીભાઈ વણપરીયાના નામનો એકાઉન્ટ પેઈ ચેક ઈસ્યુ કરી, તે ચેક અરજદારને ઓળખના પુરાવાની ખાત્રી કરી સોંપવાનો અને તે અંગેનો રીપોર્ટ અત્રેના કામે રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ મુળ લેન્ડ રેફરન્સ કેસ નં.૧૩૫૬/૧૯૯૯ ના કામે સામેલ રાખવી.

હુકમ આજ તારીખ **૨૩મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૩/૦૩/૨૦૨૬.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
મુખ્ય સિનિયર સિવિલ જજ,
**જૂનાગઢ. (GJ-00862)**

.